હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જો તમે ઉભા થઇને ત્યાસ પીઠ પરની કથા સાંભવવા નહી આવો અને ઓન લાઇન ભક્તિ કરશે તો તમને અમારા વાળા "મોક્ષ"ની જગ્યાએ "વર્ચુલ-મોક્ષ" જ મળશે...!!

લવારપુર પાસે ડમ્પર પાછળ જીપ ડાલુ અથડાતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

નરોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર વહેલી સવારે લવારપુર પાસે ડમ્પર પાછળ અચાનક જીપ ડાલુ ધડાકાભેર ટકરાયું હતું. જીપડાલાના આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો. જયારે જીપ ડાલાના ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે ચાલકની બાજુમાં બેઠેલા એક વ્યકિતને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. જયારે જીપડાલામાં રહેલી કેરીઓ રોડ પર વેર વિખેર હાલતમાં પડી હતી. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સાબરકાંઠાના પ્રાંતિજ નાની ભાગોળ ખાતે શુભમ ગોવિંદભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. શુભમ પટેલે વર્ષ ૨૦૨૧ માં જી.જે. ૦૯.એ. યુય.-૪૯૮૫ વેચાણ લીધુ હતું. જયારે આ જીપડાલાનો ઉપયોગ યુવક શાકભાજી અને ફળફળાદીના ડ્રાઈવર રાખી ફેરા મારે છે. જયારે પીકઅપ ડાલામા બાજુના ફળીયામાં રહેતા લાલાજી કચરાજી મકવાણા ડ્રાઈવર તરીકે ચલાવતા હતા.શુભમ પટેલ ઘરે હાજર હતો તે સમયે સવારે ચાર વાગે તેમના મોબાઈલ પર પ્રકાશ ભાલવાણીનો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું કે હું અને લાલાજી નવસારીથી કેરીઓ ભરીને આવી રહ્યા હતા તે સમયે લવારપુર બ્રિજ પાસે જીપડાલા પરનો કાબુ ગુમાવી

બેસતા લાલાજીએ જીપડાલુ આગળ જઈ રહેલા ડમ્પર પાછળ ધડાકાભેર ટકરાયું હતું. જેથી જીપડાલાનો આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો.જયારે ડ્રાઈવરની બાજુમાં બેઠેલા પ્રકાશભાઈની બાજુનો દરવાજો ખુલી જતા તેઓ નીચે પડી ગયા હતા અને ટાયરના પાછળના ભાગે આવી ગયા હતા. જેથી તેઓને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી.જયારે બીજીતરફ ડ્રાઈવરને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા કરૂણ મૃત્યુ નિપજયું હતું.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને પગલે એસ.ટી. બસોમાં મુસાફરોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે.
- આજે ધો. ૧૦ના પરિણામ પછી શહેરમાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યા છે. ક્યાંક ખુશીનો માહોલ તો ક્યાંક ધારણા કરતાં ઓછા ટકા આવ્યા છે.
- વેરાવળ કાઉન્સીલમાં ડૉ. ભગીરથ પટેલની અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે.
- ૩૬ ગામ લેઉઆ પાટીદાર યુવા સંગઠન દ્વારા આયોજિત નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ સંપન્ન થઈ.
- રખિયાલ ગામની સીમમાં જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે.
- અડાલજ પોલીસે ભાટ ગામેથી પાંચ શકુનિઓને દબોચ્યા છે.
- ઈન્ફોસીટી પોલીસે સરગાસણ ગામના રહેણાંક મકાનમાંથી ૧૮ હજારનો વિદેશી દારૂ પકડી પાડ્યો છે.
- કલોલના પલીયડ ગામે પુરાણ કરવા બાબતે ત્રણ શખ્સોએ પિતા-પુત્ર પર ધોકા વડે હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.
- ગાંધીનગરના ધણપ ગામે આધેડને બે શખ્સોએ ગડદાપાટુનો માર માર્યો.
- ઉનાળુ પાકના અંતિમ ચરણમાં પાક માટે પાણી આપવા ખેડૂતોએ માંગ કરી છે.
- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણ સમિતિની બેઠક મળી હતી.
- આજે જિલ્લા સ્વાગતમાં ૨૯ પ્રશ્નો રજુ થયા હતા.
- ચૂંટણીપંચ દ્વારા નવા મતદાર કાર્ડ તૈયાર થઈ આવી પહોંચ્યા છે, આગામી એકાદ બે દિવસમાં વિતરણ શરૂ થશે.
- ગાંધીનગર મનપાને આજે રૂ. ૮૧ લાખ જેટલી મિલ્કતવેરાની આવક નોંધાઈ છે.
- ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ અનિયમિત બનતાં લોકોમાં તરેહ તરેહની ચર્ચા જાગી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીની અસરો જન જીવન પર જોવા મળી રહી છે.

ભાટ એ.પી.એસ. સ્કુલની સામેથી પાંચ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ભાટ ગામની સીમમાં એ.પી.એસ. સ્કુલની સામે ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને હારજીતનો જુગાર રમતા પાંચ જુગારીઓને પોલીસે દાવ અને અંગજડતી દરમિયાન રોકડા રૂપીયા મળી કુલ રૂ.૬૭૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી પાંચ જુગારીઓ સામે અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા. તેસમયે ભાટ ગામ પાસે આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ભાટ ગામના એપીએસ સ્કુલની સામે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર રેઈડ પાડતા પોલીસને જોઈ જુગારીઓના હોંશ ઉઠી ગયા હતા. જયારે કેટલાક જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી.પોલીસે કોર્ડન કરી પાંચ જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં ચેતન મનસુખ વ્યાસ (રહે. પીર હાઉસીંગ સોસાયટી ભાટ), સુભાષ સુખલાલ ઠાકોર (રહે ભાટ ગામ ભરવાડ વાસ નવી પાણીની ટાંકી પાસે સુરેશ ઠાકોરના મકાનમાં ભાડે), સિધ્ધરાજભાઈ રમણભાઈ રાઠોડ (રહે કલરવ રીંગરોડ ગાયત્રી ફાર્મ ભાટ ગામ),રણજીત મોહનભાઈ ચાવડા (રહે. મકાન નં.૧૮, સંત રોહિદાસ સોસાયટી ભાટ ગામ) અને સંતોષ પરેન્દ્ર જાદવ (રહે મકાન નં.૫ સીપી ડબલ્યુ ડી એરપોર્ટ કોલોની સરદારનગર અમદાવાદ) નો સમાવેશ થાય છે. જયારે પોલીસે જુગારીઓના દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડા રૂ. ૬૭૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિવિલમાં સારવાર માટે આવેલા થેલેસેમીયાગ્રસ્ત બાળકના પિતાની રીક્ષા ચોરાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સિવિલ આહારગૃહ પાસેથી સીએનજી રીક્ષાની ચોરી થઈ છે. બાળકની સારવાર માટે આવેલા પિતની રીક્ષા ચોરી થઈ જતા પરિવારનું ગુજરાન ચલાવવુ પણ હાલ મુશ્કેલ બન્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ જીઈબી છાપરા ખાતે શૈલેષભાઈ નાનુભાઈ પુરબીયા રીક્ષા નં.જી. જે.૧૮. એ.વી.-૬૬૦૦ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૩ ના રોજ શૈલેષભાઈ તેમના દિકરા કેયુર (ઉં.૮)ને લઈ ફોઈના દિકરાને લઈ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. તે સમયે શૈલેષભાઈએ રીક્ષા વિના મુલ્યે મળતા ભોજનાલય પાસે મળી હતી. બપોરના સમયે દિકરા માટે બ્લડ લઈને જઈ રહ્યા હતા તે સમયે રીક્ષા પર નજર પડતા રીક્ષા હતી.પરંતુ બપોર બાદ ભોજનાલય પાસે પાણી ભરવા માટે ગયા હતા.તે સમયે જોયુ તો રીક્ષા પાર્ક કરેલી જગ્યા પર ન હતી. જેથી રીક્ષાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હોવા છતા તે મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

ડીટીડીસી કુરીયરના ૬ પાર્સલમાંથી મોંઘીદાટ દારૂની ૬૦ બોટલ મળી

ડભોડા પોલીસે રૂ.૧.૨૬ લાખનો દારૂ કબ્જે કરી ચાર સામે ગુનો નોંધ્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના રણાસણ રેલ્વે ફાટક પાસે આવેલા ડીટીડીસીના ગોડાઉનમાં પડેલા ૬ પાર્સલમાંથી વિદેશી દારૂની મોંઘાદાટ ૬૦ બોટલ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે રૂ.૧.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ રણાસણના રેલ્વે ફાટક પાસે આવેલા ડીટીડીસી કુરીયરના ગોડાઉનમાં પડેલા કેટલાક પાર્સલમાંથી લીકવીડ નીકળતા દુર્ગંધ મારતા ગોડાઉનના વીજીલન્સ મેનેજરે પોલીસને જાણ કરી હતી. જેથી ગોડાઉનમાં રાખવામાં આવેલા ૬ પાર્સલની ચકાસણી કરતા અંગ્રેજીમાં પાર્સલ પર (મધુ પંડ્યા આનંદ ઓર્ગેનિક કંપની, સારથી કોમ્પ્લેક્ષ અલકાપુરી વડોદરા) લખેલુ હતું.જયારે બીજા પાર્સલ પર જપ્પન શર્મા(બી -૨૭ બાલાજી ટેનામેન્ટ આજવા રોડ વડોદરા) લખેલુ હતું. જયારે પાર્સલ પડી જવાથી વિદેશી દારૂની કેટલીક બોટલો ફુટી જઈને ઢોળાઈ જતા પુષ્પળ દુર્ગંધ આવતી હતી. પોલીસે મેનેજરની પુછપરછ કરતા પ્રથમ ચાર પાર્સલ સત્યવીર એગ્રો ઓર્ગેનિક રાજસ્થાન તેમજ બીજા પાર્સલ તેમજ એન્ટરપ્રાઈઝ કેશવામાં તરફથી મોકલવામાં આવ્યું હતું. ડભોડા પોલીસે મધુ પંડ્યા આનંદ, સત્યવીર,જપ્પની શર્મા અને તેજસ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સરગાસણ ઘરના પેટી પલંગમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સરગાસણ ગામના દરબારવાસમાં રહેતા યુવકના ઘરમાં રહેલા પેટી પલંગમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ મળી આવી છે. ઈન્ફોસીટી પોલીસે રૂ.૧૭,૧૯૫ ની બોટલ નંગ-૨૮ તેમજ બીયરના ટીન નંગ-૯ કિં.રૂ.૧૦૮૦ મળી કુલ રૂ.૧૮,૨૭૫ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હે.કો.આશિષસિંહને બાતમી મળી હતી કે સરગાસણ ગામના દરબાર વાસમાં રહેતા મહેન્દ્રસિંહ સતુજી વાઘેલા પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો રાખી છુટક વેચાણ કરે છે. જેથી પોલીસે મહેન્દ્રસિંહ વાઘેલાના ઘરે જઈ રેઈડ પાડતા ઘરમાં તેમજ આસપાસમાં તપાસ કરતા બેડરૂમમાં રહેલા લાકડાના પેટીપલંગમાંથી વિદેશી દારૂની ૨૮ બોટલ તેમજ ૯ બિયરના ટીન મળી કુલ રૂ.૧૮,૨૭૫ નો મુદ્દામાલ કબ્જે કરી મહેન્દ્રસિંહ સતુજી વાઘેલાને પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આઈટી વિભાગના આસી. મેનેજરનું એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ટીસીએસમાં આઈટી વિભાગમાં આસી.મેનેજર તરીકે છેલ્લા ૧૦ વર્ષથી ફરજ વિજયકુમાર ભાઈલાલભાઈ રાઠોડ બજાવે છે. ભાટ ગામના ઠાકોર વાસ ખાતે રહેતા વિજય રાઠોડ નોકરી પર આવવા જવા માટે એકટીવા નં. જી.જે.૧૮.સી.જી.-૪૫૮૪ નો ઉપયોગ કરે છે. ગત તા.૨૩ મે ના રોજ સવારના ૧૦ વાગે એકટીવા લઈ ટીસીએસ આવીને ગેટની સામે ખુલ્લી જગ્યામાં એકટીવા પાર્ક કરી લોક કર્યું હતું. જયારે નોકરી પુરી થઈ ગયા બાદ સાંજના ૫ કલાકે ઘરે જવા માટે એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી એકટીવાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી ન આવતા વિજય રાઠાડે રૂ.૨૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદન નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

આકરી ગરમીની સાથોસાથ છેલ્લા બે-ત્રણ દિવસથી પવનની ગતિમાં વધારો થયો છે. વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા પવનની ગતિ વધી છે. પ્રિ-મોન્સુન એક્ટીવીટી વધી રહી છે. ઘ-૩ સર્કલની પાસે ભારે પવનને કારણે દિશાસૂચક બોર્ડ તુટી ગયુ છે અને નમી પડ્યુ છે.

નાના 'ગ' રોડ ઉપર આખો દિવસ સ્ટ્રીટલાઈટો ચાલુ રહી હતી. દિવસ દરમ્યાન લાઈટો ચાલુ રહેતા આશ્ચર્ય સર્જાયુ હતુ.

સે. ૨૯ અંબાજી મંદિરનો ૧૫મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૨૯ ખાતે અંબાજી માતાજીના મંદિરને ૧૫ વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૨૭ મે થી ૨૯ મે સુધી હોઈ સૌ ભાવિક ભક્તોને આમંત્રણ પાઠવ્યું હતું.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરનો શપથ વિધિ સમારોહ ધામધૂમથી યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર ક્લબની પ્રેસિડેન્ટ અને તેમની ટીમની શપથવિધિ સમારોહની શાનદાર ઉજવણી તા. ૨૧-૫-૨૦૨૩ રવિવારના રોજ ખૂબ ધામધૂમથી ગેઝીયા હોલ, સેક્ટર-૨૫ ખાતે થઈ. આ સમારોહમાં ઈન્ડિયન લાયન્સ નેશનલના ટોપ લીડર્સ જેવા કે નેશનલ ચીફ પેટ્રન હિતેશભાઈ પંડ્યા, નેશનલ પાસ્ટ ચેરપર્સન આશાબેન પંડ્યા, નેશનલ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારીઝના પૂજ્ય કૈલાશદીદી અને પૂજ્ય રંજનદીદી, કાંતિભાઈ યોગીના આશીર્વાદ પણ લીધા હતા. પ્રેસિડેન્ટ વિમલાબેન યાદવ, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાધેશ્યામભાઈ યાદવ, કો. પ્રેસિડેન્ટ મંગલસિંહ સોલંકી, વાઈસ પ્રેસિડેન્ટ ધૈવતભાઈ શુકલ, સેક્રેટરી જ્યોતિબેન કે. મેઘનાની, ટ્રેઝરર પ્રકાશભાઈ દવે, જોઈન્ટ સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, બોર્ડ ઓફ ડિરેક્ટર ડૉ. હિમાદ્રીબેન શુકલ, હરિશભાઈ રાવલ, પ્રવક્તા સંજીવભાઈ યાદવ, યાત્રા ડિરેક્ટર ઈન્દ્રવદનભાઈ આચાર્ય, સંગઠન મંત્રી રેખાબેન રાવલ, રામદાસભાઈ કથાકાર, સરોજબેન દવે, મનિશાબેન ગોહેલ, અશમીતાબેન ચૌહાણ, ગીતાબેન વરિયા વગેરે હોદ્દેદારોએ પદ ગ્રહણ સ્વીકાર કરી શપથ લીધા હતા.

આજે વણકર સમાજની સામાન્ય સભાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ સંસ્થા દ્વારા ૨૬ મે શુક્રવારે સાંજે ૬ કલાકે રામજી મંદિર, સે. ૩ ખાતે સામાન્ય સભા (નવા હોદ્દેદારોની વરણી) અંગેનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી સંસ્થાના તમામ સભ્યોને હાજર રહેવા જણાવ્યું હતું.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્નનો હકારાત્મક ઉકેલ

ગાંધીનગર,તા

ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ આજરોજ જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લામાંથી ૨૯ પ્રશ્નોની રજૂઆત

નાગરિકો દ્વારા કરવામાં આવી હતી. તમામ પ્રશ્નનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો. નાગરિકોના પ્રશ્નોનો સરળતાથી અને ઝડપી ઉકેલ માટે રાજયભરમાં બે દાયકાથી સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સ્વાગત કાર્યક્રમ ગ્રામ્ય કક્ષાએ, તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાય છે. આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક સમસ્યાને વાચા આપતાં વિવિધ પ્રશ્નો સાથે સાથે દબાણ, જમીન સર્વે, જમીન સંલગ્ન પ્રશ્નો અને નિતી વિષયક ન હોય તેવા પ્રશ્નોની રજૂઆત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમ થકી જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ સર્વે અરજદારોની વાત તેમના સ્વમુખે સાંભળી હતી. જે પ્રશ્નની રજૂઆત થાય તે અંગે સંબંધિત અધિકારીશ્રીઓનાં સંકલનમાં તેનો હકારાત્મક ઉકેલ શકય હોય તેટલો ઝડપી થાય તે માટે અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૯ અરજદારો દ્વારા ૨૯ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ તમામ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, અધિક નિવાસી કલેકટર શ્રી ભરત જોષી, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયા સહિત સબંધિત અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડભોડા ખાતે સગર્ભા બહેનોનો તપાસ કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૫

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડભોડા ખાતે તા. ૨૩મી મે-૨૦૨૩ના રોજ પ્રધાનમંત્રી માતૃ સુરક્ષા અભિયાન અંતર્ગત ડૉ. શ્વેતાબેન ચૌધરી મેડીકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સગર્ભા બહેનોનો તપાસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ડભોડા, ઈસનપુર મોટા, મગોડી, લવારપુર, શાહપુરના તમામ સગર્ભાઓની તપાસની શરૂઆત કરવામાં આવી. મેડીકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ વિસ્તારના તમામ સગર્ભાઓની તમામ તપાસ જેવી કે તબીબી તપાસ, વજન, ઊંચાઈ, લેબોરેટરી તપાસ કરવામાં આવી. તેમજ જરૂરીયાતવાળા સગર્ભા લાભાર્થીઓને આયુષ સુકોઝની તેમજ ઈન્જેશન સારવાર, ફેરીક માલ્ટોઝની સારવાર આપવામાં આવી હતી. આ તપાસ કેમ્પ દર મંગળવાર અને ગુરૂવાર અવિરત સવારના ઓપીડીના સમયમાં ચાલશે. તેમજ તમામ સગર્ભાઓની પ્રસુતિ વિનામૂલ્યે પ્રા.આ. કેન્દ્ર ખાતે કરવામાં આવશે. આ તપાસ કેમ્પમાં કુલ ૬૮ સગર્ભા બહેનોની તપાસ તેમજ સારવાર કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લાના વલાદ ગામમાં નિ:શુલ્ક મેગા મેડિકલ કેમ્પ યોજાયો

ગાંધીનગર,તા

ગાંધીનગર જિલ્લામાં આવેલા વલાદ વિકાસ ફાઉન્ડેશન અને જીસીએસ હોસ્પિટલ આયોજિત નિ:શુલ્ક મેગા મેડિકલ કેમ્પ માં આજુબાજુના ગામના લોકો એ ખુબજ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ગામના લોકો ને ઘર આંગણે આવી અધતન અને નિ:શુલ્ક સેવાઓ મળે છે તે માટે ફાઉન્ડેશન અને જીસીએસ હોસ્પિટલ નો આભાર માન્યો હતો. આ મેડિકલ કેમ્પ માં દવાઓ , લેબોરેટરી તપાસ રાહત દરે,લોહી ની તપાસ સંપૂર્ણ ફ્રી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર આવ્યા હતા તેમણે વલાદ વિકાસ ફાઉન્ડેશન તેમજ જીસીએસ હોસ્પિટલ આયોજિત નિ:શુલ્ક મેગા કેમ્પ ના વખાણ કર્યા હતા.ગામડા ના લોકો માં ચામડી ના રોગ વિશેષ જોવા મળ્યા હતા. શ્રી અલ્પેશભાઈ ઠાકોરે જણાવ્યું

હતું કુપોષણ માટે સગર્ભા સ્ત્રીઓ માટે વિશેષ કાળજી લેવાની જરૂર છે.વલાદ ગામમાં દર સોમવારે બુધવારે અને શુક્રવારે ફક્ત ટોકન દરે સારવાર તેમજ દવાઓ આપવામાં આવે છે.